# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-05-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભોપાલમાં લોકમાતા દેવી અહિલ્યાબાઈ મહિલા સશક્તિકરણ મહાસંમેલનમાં ભાગ લેશે

2) કેન્દ્ર સરકારે ઇન્ડિગોને ટર્કિશ એરલાઇન્સ સાથેના તેના વિમાન લીઝ કરારને ત્રણ મહિનાની અંદર સમાપ્ત કરવા જણાવ્યું

3) કેન્દ્રએ કાચા પામ, સોયાબીન અને સૂર્યમુખી તેલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી ઘટાડીને 10 ટકા કરી

4) અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્ટીલની આયાત પરનો ટેરિફ 25 ટકાથી બમણો કરીને 50 ટકા કરવાની જાહેરાત કરી

5) એલિમિનેટર રાઉન્ડમાં મુંબઇ ઇન્ડિયન્સ સામે ગુજરાત ટાઇટન્સનો પરાજય થતા ગુજરાત સ્પર્ધામાંથી બહાર ફેંકાયુ.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-MP VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મધ્યપ્રદેશના એક દિવસના પ્રવાસ દરમિયાન લોકમાતા દેવી અહિલ્યાબાઈ હોલકરની 300મી જન્મજયંતિની ઉજવણીમાં ભાગ લેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભોપાલમાં લોકમાતા દેવી અહિલ્યાબાઈ મહિલા સશક્તિકરણ મહાસંમેલનમાં ભાગ લેશે, અને અનેક વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુર્હુત કરશે.

# CENTRE - INDIGO

કેન્દ્ર સરકારે ઇન્ડિગોને ટર્કિશ એરલાઇન્સ સાથેના તેના વિમાન લીઝ કરારને ત્રણ મહિનાની અંદર સમાપ્ત કરવા જણાવ્યું છે. સરકારે તુર્કી સાથે જોડાયેલી કંપની, સેલેબી એવિએશન માટે સુરક્ષા મંજૂરી રદ કર્યાના થોડા અઠવાડિયા પછી જ આ કાર્યવાહી કરવામાં આવી છે, જે દિલ્હી સહિત ભારતના નવ મુખ્ય એરપોર્ટ પર સેવાઓનું સંચાલન કરે છે.

ઇન્ડિગો, જેણે ટર્કિશ એરલાઇન્સ પાસેથી બે બોઇંગ 777 ભાડે લીધા છે અને તેનું સંચાલન કરે છે, તેની પાસે 31 મે સુધી પરવાનગી હતી અને તેણે નાગરિક ઉડ્ડયન મંત્રાલય પાસેથી છ મહિના માટે મુદત લંબાવવાની માંગ કરી હતી. મંત્રાલયે આ મંજૂરી આપવાનો ઇનકાર કર્યો છે.

# BSF PRESS

સરહદ સુરક્ષા દળ- BSF ગુજરાતના મહાનિરીક્ષક-IG અભિષેક પાઠકે જણાવ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનના 600થી વધુ ડ્રોનને BSFએ ભૂમિ અને હવાઈ દળની મદદથી નિષ્ફળ બનાવ્યા હતા. પહેલગામ આતંકી હુમલાની નિંદા કરતા શ્રી પાઠકે જણાવ્યું કે, આ આતંકવાદી હુમલા બાદ ભારતને જરૂરી કાર્યવાહી કરવાની ફરજ પડી. તેમણે જણાવ્યું કે પાકિસ્તાને ગુજરાતની સરહદ પર ટેન્ક ગોઠવી દીધાની માહિતી મળતા જ ગુજરાત BSF એ દુશ્મનને યોગ્ય જવાબ આપવા માટે તૈયારી શરૂ કરી દીધી હતી. તેમણે મહિલા સુરક્ષા કર્મીઓની પ્રશંસા કરતાં જણાવ્યું કે ઓપરેશન દરમિયાન મહિલા સુરક્ષા કર્મીઓએ જવાનો સાથે ખભાથી ખભો મિલાવી સાહસિકતા દર્શાવી.

# AHILYADEVI HOLKAR

લોકમાતા અહિલ્યાદેવી હોલકરની 300મી જન્મજયંતિ નિમિત્તે, આજે મહારાષ્ટ્રના અહિલ્યાનગર જિલ્લામાં તેમના જન્મસ્થળ ચૌંડીમાં એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ચૌંડીમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે.

અહિલ્યાબાઈ હોલકરનો જન્મ 31 મે, 1725ના રોજ અહિલ્યાનગર જિલ્લાના ચૌંડી ગામમાં થયો હતો. તેમણે મરાઠા નેતા મલ્હાર રાવ હોલકરના પુત્ર ખાંડેરાવ સાથે લગ્ન કર્યા હતા. ખાંડેરાવ યુદ્ધમાં મૃત્યુ પામ્યા પછી, અહિલ્યાબાઈએ લોકોના કલ્યાણ માટે પોતાનું જીવન સમર્પિત કરવાનું પસંદ કર્યું.

# GOVT – OILS

કેન્દ્રએ કાચા પામ તેલ, કાચા સોયાબીન તેલ અને કાચા સૂર્યમુખી તેલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી ઘટાડીને 10 ટકા કરી છે. આ પગલાનો હેતુ રસોઈ તેલના છૂટક ભાવ ઘટાડવા અને સ્થાનિક પ્રોસેસરોને સુરક્ષિત રાખવાનો છે. આ સંદર્ભમાં નાણા મંત્રાલય દ્વારા ગઈકાલે તાત્કાલિક અસરથી એક સૂચના જારી કરવામાં આવી હતી.

અગાઉ, આ ત્રણ ક્રૂડ ખાદ્ય તેલ પરની ડ્યુટી 20 ટકા હતી. ભારત તેની સ્થાનિક ખાદ્ય તેલની જરૂરિયાતના 50 ટકાથી વધુની આયાત કરે છે. ભારતે 2023-24 તેલ માર્કેટિંગ વર્ષ (નવેમ્બરથી ઓક્ટોબર) દરમિયાન 159.6 લાખ ટન ખાદ્ય તેલની આયાત કરી હતી, જેની કિંમત 1.32 લાખ કરોડ રૂપિયા હતી.

રિફાઇન્ડ તેલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી 32.5 ટકા પર યથાવત છે. ભારત મલેશિયા અને ઇન્ડોનેશિયાથી પામ તેલની આયાત કરે છે. સોયાબીન તેલ બ્રાઝિલ અને આર્જેન્ટિનાથી આવે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . .

# REV. NO TOBACCO DAY

દેશ સહિત વિશ્વભરમાં આજે  વિશ્વ તમાકુ નિષેધ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસ વિશ્વ આરોગ્ય સંગઠન-WHO દ્વારા તમાકુના ઉપયોગને સમાપ્ત કરવા માટે એક વૈશ્વિક પહેલ છે.

WHO અનુસાર, વિશ્વભરમાં અંદાજે 1.3 અબજ લોકો તમાકુનું સેવન કરે છે, વિશ્વ તમાકુ નિષેધ દિવસ સૌપ્રથમ 1987માં મનાવવામાં આવ્યો હતો, જેનો ઉદ્દેશ્ય તમાકુના રોગચાળા અને તેનાથી થતા અટકાવી શકાય તેવા મૃત્યુ અને રોગ તરફ વૈશ્વિક ધ્યાન દોરવાનો હતો.

# TRUMP - STEEL

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી કે, તેઓ અમેરિકન ઉદ્યોગને સુરક્ષિત રાખવા માટે સ્ટીલની આયાત પરનો ટેરિફ 25 ટકાથી બમણો કરીને 50 ટકા કરશે. પિટ્સબર્ગમાં પેન્સિલવેનિયાના સ્ટીલકામદારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે અમેરિકાનું ભવિષ્ય પિટ્સબર્ગની તાકાત અને ગૌરવથી બનાવવું જોઈએ પણ શાંઘાઈના ખરાબ સ્ટીલથી નહીં. તેમના ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં, યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું કે એલ્યુમિનિયમ ટેરિફ પણ બમણું કરીને 50 ટકા કરવામાં આવશે, અને બંને ટેરિફ વધારો બુધવારથી અમલમાં આવશે.

ટ્રમ્પે કહ્યું કે નિપ્પોન તરફથી 9.2 બિલિયન ડોલરનું રોકાણ યુએસ સ્ટીલને વેગ આપશે અને એક લાખ નોકરીઓ બચાવશે. તેમણે કહ્યું કે નિપ્પોન સ્ટીલ કામગીરીને આધુનિક બનાવવા માટે મોન વેલીમાં 2.2 બિલિયન ડોલર અને દેશભરમાં 7 બિલિયન ડોલરનું રોકાણ કરશે.

# IPL-CRICKET

IPL ક્રિકેટમાં, મુંબઈ ઈન્ડિયન્સે ગઈકાલે રાત્રે ચંદીગઢના મહારાજા યાદવેન્દ્ર સિંહ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે એલિમિનેટર મેચમાં ગુજરાત ટાઇટન્સને 20 રનથી હરાવીને ક્વોલિફાયર-2 માં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું.

પ્રથમ બેટિંગ કરતા, મુંબઈ ઈન્ડિયન્સે તેમના નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 228 રન બનાવ્યા હતા. જવાબમાં ગુજરાત ટાઇટન્સ છ વિકેટે 208 રન બનાવી શક્યું હતું. આ વિજય સાથે, મુંબઈ ઈન્ડિયન્સે સાતમા IPL ટાઇટલ માટે પોતાની આશા જીવંત રાખી.

# FOREX RESERVES

ગત 23 મેના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર 6.9 અબજ ડોલરથી વધુ વધીને 692.7 અબજ ડોલર પર પહોંચી ગયો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા પ્રકાશિત સાપ્તાહિક આંકડાકીય અનુસાર, 4.5 અબજ ડોલરથી વધીને 586.1 અબજ ડોલરથી વધુ થઈ ગઈ છે.

સોનાના ભંડારમાં 2.3 અબજ ડોલરથી વધુનો વધારો થયો છે, જે કુલ 83.58 અબજ ડોલર થયો છે. આ દરમિયાન, સ્પેશિયલ ડ્રોઇંગ રાઈટ્સ 81 મિલિયન ડોલરથી વધુ વધીને 18.57 અબજ ડોલરથી વધુ થઈ ગયા છે અને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળમાં સેન્ટ્રલ બેંકનું સ્થાન પણ 30 મિલિયન ડોલરથી વધુ વધીને 4.4 અબજ ડોલર થયું છે.

# IMD WEATHER

હવામાન વિભાગે આગામી 2-3 દિવસ દરમિયાન દેશના પૂર્વ, પશ્ચિમ, મધ્ય અને ઉત્તરપૂર્વીય વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. સોમવાર સુધી ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે. કર્ણાટક, કેરળ, માહે, કોંકણ અને ગોવામાં આવતીકાલ સુધી ભારે વરસાદ થઈ શકે . આવતીકાલ સુધી વિદર્ભ, છત્તીસગઢ, ગંગા પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, મધ્ય પ્રદેશ, બિહારમાં વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી  છે. માછીમારોને દક્ષિણ અરબી સમુદ્ર અને મધ્ય અરબી સમુદ્રના દક્ષિણ ભાગોમાં માછીમાંરી ન કરવાની સલાહ આપી છે.

આગામી 24 કલાક દરમિયાન દેશના ઉત્તરપશ્ચિમ ભાગોમાં મહત્તમ તાપમાનમાં આશરે 2-3° સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી કરી છે, દરમિયાન હવામાન વિભાગે આજે દિલ્હી અને તેની આસપાસના વિસ્તારમાં વાવાઝોડા સાથે વરસાદની આગાહી કરી છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

1) આજે સંદેશ દૈનિકે ઇન્ડિગો  તુર્કિશ એરલાઇન્સ સાથે વિમાન સમજૂતી ખતમ કરશે ..

2) બિહાર યુપીમાં રેલીને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે દુશ્મન ફૂંફડો મારશે તો દરમાંથી શોધીને મારીશુ.. આ હેડલાઇન દિવ્ય ભાસ્કરે બનાવી છે

3) ગુજરાત સમાચારે લખ્યું છે કે ભારતનો જીડીપી 6.5 ટકા...ચાર વર્ષના તળિયે

4) ફૂલછાબની હેડલાઇન છે કે યુનોને પડકારશે મેઇડ ચાઇના જૂથ

5) વૈશ્વિક સંદર્ભમાં ભારતનો દેખાવ બહેતર ..જીડીપી 6.5 ટકા આ હેડલાઇન નવગુજરાત સમયની છે

6) દરેક અખબારોએ અન્ય સમાચારો પણ પહેલા પેજ પર છાપ્યા છે જેમાં ભારતમાં ઘઉનું વિક્રમી ઉત્પાદન આયાતની જરૂર નહી પડે, એક જ પાળીમાં થશે નીટ- પીજીની પરીક્ષા , દેશમાં ચોમાસુ આગળ વધી રહ્યું હોવાના સમાચાર પણ વાંચવા મળી રહ્યાં છે.

7) રાજ્ય અને સ્થાનિક સમાચારમાં ગુજરાતમાં કોરોનાના નવા 68 કેસ, કડી અને વિસાવદરમાં 173 ગ્રામ પંચાયતની ચૂંટણી નહી યોજાય ,ફાર્મસીમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન પૂર્ણ 9800 બેઠકો સામે 15623 વિદ્યાર્થી

8) દરેક અખબારોએ સ્પોર્ટસ પેજ ઉપર આઇપીએલની ગઇકાલની મેચમાં મુંબઇ ઇન્ડિયન્સનો વિજય થતા ગુજરાત ટાઇટન્સ સ્પર્ધામાંથી બહાર ફેંકાઇ જેવા સમાચાર જોવા મળી રહ્યાં છે..